જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૪/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૭૯૯/૧૭

### I.P.L. 20-ટવેન્ટી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા ઇસમે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ઇ.પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબનાઓ તરફથી સુરત તથા બોટાદ ખાતે માનનીય વડાપ્રધાન શ્રી પધારનાર હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમ ઉપરોકત કામગીરી સબંધે કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે આરોપી દિનેશ મોતીભાઇ દેસાઇ (રબારી) ઉ.વ.30 રહે, પ્લોટ નંબર-1, જીવણપ્રાણ એપાર્ટમેન્ટની સામે, વિસતનગર તલાવડી, રામદેવનગર, સેટેલાઇટ અમદાવાદનાને તેના કબ્જાની ભાડે રાખેલ "લંફંગે-2" ફસ્ટ ફલોર દુકાન નં.9, સેંન્ટર પ્લાઝા, સાર્થક સ્કુલની સામે, સન-એન-સ્ટેપ કલ્બ પાસે, સોલા રોડ, ઘાટલોડીયા, અમદાવાદ નામની દુકાનમાં ભારતના મુંબઇ ખાતે મુંબઇ ઇન્ડીયન્સ વિરૂધ્ધ ગુજરાત લાયન્સ વચ્ચે રમાતી 20-ટવેન્ટી ડે-નાઇટ મેચમાં ટી.વી. સેટ ઉપર મેચ નિહાળી મોબાઇલ ફોન થી ગ્રાહકો સાથે સેસનના દાવ લગાવી નાણાંની હારજીત કરી લગાવેલ દાવ ને એક ચોપડામાં નોંધી ક્રિકેટ સટ્ટા જુગાર રમી રમાડી તે માટેના સાધનો .......

(1) મોબાઇલ ફોન નંગ- 4 કિં રુ 3500/

(2) વીડીયોકોન કંપનીનું એલ.ઇ.ડી. ટી.વી.સેટ નંગ-1 કિ.રૂ.10000/

(3) જી.ટી.પી.એલ સેટઅપ બોક્ષ નંગ-1 કિં રુ 1000/

(4) લાઇટ બીલ કિં રુ 00/

(5) અંગઝડતીના નાંણાં રૂ.390/

(6) ક્રિકેટ સટ્ટા દાવ લખેલ ચોપડો નંગ-1 કિ.રૂ.00 /00 તથા બોલપેન નંગ-1 કિ.રૂ.00/00

મળી કુલ્લે કિં રુ 14890/ ની મતા સાથે પકડી આરોપી વિરૂધ્ધ ધી જુગાર ધારા મુજબ કાયદેસર કાયવાહી કરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## અમદાવાદ શહેર વિસ્તારમાંથી હોન્ડા એકટીવાની ચોરીઓ કરતા આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ઇ.પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબનાઓ તરફથી સુરત તથા બોટાદ ખાતે માનનીય વડાપ્રધાન શ્રી પધારનાર હોય જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારૂ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમ ઉપરોકત કામગીરી સબંધે કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપીઓ રહીમ @ રહેમુ સ/ઓ ઉસ્માનભાઇ શેખ ઉ.વ.40 ધંધો : હાલ બેકાર રહે, મિલ્લતનગર, આયશાબીબીની ચાલી નજીક રોડ ઉપર, પાકા છાપરામાં, ઇસનપુર રોડ, શાહઆલમ અમદાવાદ શહેર નાને હોન્ડા એકટીવા GJ-1-ND-3394 સાથે અટકાવી તપાસ કરતા આ વાહન ચોરી નું હોવાનું જણાય આવેલ છે, જે સબંધે વધુ તપાસ કરતાં ઉપરોકત આરોપી પાસેથી કુલ-8 હોન્ડા એકટીવા મેળી આવેલ છે. જે ઉપરોકત આરોપીએ છેલ્લા છએક માસ દરમ્યાન અમદાવાદ શહેરમાંથી ચોરી કરેલ છે.

(1) આજથી બે-અઢી માસ પહેલાં સાજના સુમારે લૉ-ગાર્ડનના ગેટ પાસેથી ઉપરોકત આરોપીએ આ હોન્ડા એકટીવા ચોરી કરેલ છે. જે હોન્ડા એકટીવાનો અસલ નંબર GJ-01-NA-9660 નો છે. જે અંગે તપાસ કરતાં નવરંગપુરા પો.સ્ટે.ફ.21/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેકટ થાયછે.

(2) આજથી છએક માસ પહેલાં કાલુપુર રેવડી બજાર ખાતેથી આરોપીએ GJ-01-NE-6539 ની ચોરી કરેલ છે. જે અંગે તપાસ કરતાં કાલુપુર પો.સ્ટે.ફ.62/16 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેકટ થાયછે.

(3) આજથી એકાદ માસ પહેલાં કાલુપુર રેલ્વે સ્ટેશન બહારથી એક સફેદ કલરની હોન્ડા એકટીવા જેનો નંબર GJ-27-E-8347 ની આરોપીએ ચોરી કરેલ છે. જે અંગે તપાસ કરતાં કાલુપુર રેલ્વે સ્ટેશન પો.સ્ટે. ફ.64/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેકટ થાય છે.

(4) આજથી બે-ત્રણ દિવસ પહેલાં મણિનગર રેલ્વે ક્રોસીંગ પાસે દવાખાના ના બહાર પાર્કીંગમાંથી એક હોન્ડા એકટીવા સફેદ કલરની ચોરી કરેલ છે. જેનો નંબર GJ-27-J-2141 નો છે, જે અંગે તપાસ કરતાં મણિનગર પો.સ્ટે.ફ. 30/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેકટ થાયછે.

(5) આજથી પંદરેક દિવસ પહેલાં ભદ્ર જુની સેસન્સ કોર્ટ ની ગલી પાસેથી સવાર ના સુમારે એક બ્લેક કલરની હોન્ડા એકટીવા આરોપીએ ચોરી કરેલ છે. જે સબંધે તપાસ કરતાં કારંજ પો.સ્ટે.ફ.21/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેકટ થાયછે.

(6) આજથી થોડા દિવસ પહેલાં કાલુપુર રેવડી બજાર પાસેથી રોડ ઉપરથી એક ગોલ્ડન કલરની હોન્ડા એકટીવા નં.GJ-01-NL-7536 ની ચોરી કરેલ છે. જે અંગે તપાસ કરતાં કાલુપુર પો.સ્ટે.ફ. 39/17 ઇ.પી.કો. કલમ 379 મુજબનો ગુન્હો ડીટેકટ થાયછે.

(7) આજથી દોઢ-બે માસ પહેલાં કાલુપુર મસ્કતી માર્કેટ પાસેથી એક કાળા કલરની હોન્ડા એકટીવા નંબર GJ-01-LE-5166 ની ચોરી કરેલ છે. જે અંગે તપાસ કરતાં કાલુપુર પો.સ્ટે.ફ. 25/17 નો ગુન્હો ડીટેકટ થાયછે.

(8) આજથી થોડા દિવસ પહેલાં એલીસબ્રીજ એમ.જે.લાયબ્રેરી ઉપર બનેલ નવા પુલ નીચેથી એક કાળા કલરની હોન્ડા એકટીવા જેનો નંબર GJ-01-PK-0402 ની ચોરી કરેલ હતી. જે સબંધે હાલ તપાસ તજવીજ જારી છે જેના માલિકને શોધી વાહન સોંપવા કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ કામનો આરોપી રહીમ @ રહેમુ સ/ઓ ઉસ્માનભાઇ શેખ પોતે ઇલેકટ્રીક વાયરીંગ ને લગતુ કામ કરતો હતો અને વધુ દેવું થઇ જતાં છેલ્લા આંઠેક માસથી બેકાર છે, જેને બીજું કોઇ વાહન ચલાવતા આવડતુ ન હોય, જેથી છેલ્લા છએક માસમાં આંઠ જેટલી હોન્ડા એકટીવા ચોરી કરી તેની નંબર પ્લેટ બદલી નાખી ખોટો નંબર લખાવી ફેરવતો હતો જે પૈકી કેટલીક હોન્ડા એકટીવા હેરવી ફેરવી બીનવારસી મુકી દિધેલ હતી. જે તમામ વાહનો કબ્જે કરી આરોપીની વધુ તપાસ જારી રાખેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન તથા કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.એસ.મોદી સાહેબ નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે આજરોજ તા-૧૬/૪/૨૦૧૭ ના રોજ કાગડાપીઠ સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ.ધુળાભાઇ જીણાભાઇ બ.નં ૮૧૭૨ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૨૦/૧૫ વાગે બહેરામપુરા ગૌતમનગર ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો ધર્મેશભાઇ હીન્દુભાઇ તથા પો.કો.ગીરીરાજસિંહ પ્રવિણસિંહ નાઓએ બાતમી હકીકત આપેલ કે "કાગડાપીઠ.પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૪૬/૨૦૧૭ ઇ.પી.કો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે સોનાના ચાંદીના દાગીના તથા સાડીઓની ચોરી થયેલ હોય જે ચોરીનો મુદામાલ એક બહેન પ્લાસ્ટીકના થેલામાં મુકી દુધવાળી ચાલી તરફથી ચાલતી આવી અત્રે થઇ પસાર થનાર છે" જે બાતમી હકીકત આધારે આરોપણ બહેન નામે <u>શીતલબેન ઉર્ફે સાંઈબાબા D/O ધીરજભાઈ કાનજીભાઈ વણકર ઉવ.૧૯ રહે.બળીયાદેવની ચાલી.ગરીબનગર ના છાપરા બહેરામપુરા અમદાવાદ શહેર</u> નાઓને આ ગુનાના કામે ચોરી થયેલ સોના ચાંદીના દાગીના કિં રુ.૨૮,૨૦૦/- તથા સાડીઓ નંગ - ૦૬ મળી કુલ્લે રુ. ૩૩,૮૦૦/- ની મતાના મુદામાલ સાથે આજરોજ તા-૧૬/૪/૧૭ ના કલાક ૨૧/૧૫ વાગે પકડી અટક કરી ઉપરોકત ગુનો ડીટેકટ કરવામા આવેલ છે.

---

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારૂ/જુગારની ગેર કાયદેસર પ્રવુતિ તેમજ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન તથા એ.એસ.આઇ.સબ્બીરખાન ઇબ્રાહીમખાન તેમજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન કલાક : ૧૬/૩૦ વાગે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીન સાહેબનાઓને મળેલ બાતમી હકિકત આધારે દાણીલીમડા અલીફ રેસીડેન્સી મદીના મસ્જિદ પાસે મ.નં.૩૦૧,૩૦૨ માં જુગાર રમતા આરોપી નં.(૧) મહમદઅલીભાઇ નરસિઘાણી ઉ.૩૮ રહે : અલીફ રેસીડેન્સી મ.નં.૩૦૧/૩૦૨ મદીના મસ્જિદની સામે નિરુરવાસ દાણીલીમડા અમદાવાદ શહેર + ૭ = ૮ નાઓને રોકડા રૂ.૨૦,૭૩૦/- તથા અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૫ જેની કિ.રૂ.૨૨,૦૦૦/ તથા ટુ વ્હીલ નંગ-૩ જેની કિ.રૂ.૮૫,૦૦૦/- મળી <u>કુલે કિ.રૂ.૧,૨૭,૭૩૦/-ના મુદામાલ</u> સાથે પકડી લઇ જુગાર ધારા કલમ ૪-૫ મુજબનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે

(૨) સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઇન્સ એચ.એન.પટેલ તેમજ સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન સાથેના પો.કો નશરૂલ્લાખાન હબીબખાન તથા પો.કો હર્ષદસિંહ ગંભીરસિંહ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ગઇ તા.૧૩/૪/૧૭ ના કલાક ૧૯/૦૦ થી તા.૧૫/૪/૧૭ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાનમાં દાણીલીમડા ગામ ઉર્ફે શાળા નં.૧ ખાતે બનેલ ઘરફોડ ચોરી ના આરોપીઓ નં. (૧) શાહરૂખ ઉર્ફે વકીલ ઇકામુદ્દીન અંસારી ઉવ.૨૪ રહે. એકતા નગરના છાપરા, મેમણ હોલની સામે દાણીલીમડા અમદાવાદ શહેર + ૨ = ૩ નાઓને ચોરી કરી મળવેલ એલ.ઇ.ડી. નંગ-૨ તથા સ્પીકર સેટ-૨ તથા એચ.સી.એલ કંપનીના સીપીયુ નંગ-૨ મળી કુલ્લે કિ.રૂ.૩૮૦૦૦/- તથા સી.એન.જી ઓટો રિક્ષા નં.જી.જે.૨૭.ડબ્લ્યુ.૧૯૨૬ કિ.રૂ.૧,૦૦,૦૦૦/- મળી <u>કુલ્લે રૂ.૧,૩૮,૦૦૦/- ની મતાના મુદામાલ</u> સાથે પકડી લઇ <u>દાણીલીમડા પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં.૬૧/૨૦૧૭ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ</u> નો ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ સત્વરે ઉકેલી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગર પોલીસ સ્ટેશનઃ**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન તથા સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની સુચનાથી સ્ટાફના પો.સ.ઇ પી.જે ખરસાણ તથા મ.સ.ઇ પરમેશ્વરસિંહ કરણસિંહ બ.ન. ૭૩૩૮ તથા હે,કો જયેન્દ્રસિંહ લાલસિંહ બ.ન. ૭૬૬૪ તથા પો.કો સંદીપસિંહ કોદરસિંહ તથા પો.કો પ્રવિણસિંહ દેવેંદ્રસિંહ બ.ન. ૪૮૯૭ તથા પો.કો પ્રદીપકુમાર રામાભાઇ બ.ન. ૨૮૫૫ તથા પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન. ૨૯૩૧ તથા પો.કો દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન. ૬૧૫૬ તથા પો.કો કરણસિંહ કનુભાઇ બ.ન. ૪૮૯૧ પો.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન. ૬૨૧૯ નાઓની સાથે કુબેરનગર ચોકી વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન છારાનગર સત્યનારાયણ દુધઘર આગળ આવતા સાથેના પો.કો પ્રવિણસિંહ દેવેંદ્રસિંહ નાઓએ બાતમી હકીકત આપેલ કે **અર્જુનનગરમા રહેતી બાઇ નામે કુંવરબેન બંછીભાઇ છારા** નાની પોતાના રહેણાંક મકાનમા કેટલોક ગે.કા ઇગ્લીસ દારુ લાવી પોતાના ઘરે મુકી રાખેલ છે જે આધારે બે પચોના માણસો સાથે રેડ કરતા સદરીના મકાનમા કોઇ હાજર મળી આવેલ નહિ અને સદરીના મકાનના રસોડામાથી **નયના એક્સ્ટ્રાફાઇ જીન ના ૭૫૦ મીલી કદના ૧૨૦ નંગ કિ.રૂ ૪૨૦૦૦** ના મતાનો મુદ્દામાલ મળી આવેલ જેથી નહિ મળી આવેલ બાઇ વિરૂધ્ધમા કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે.આમ, સરદારનગર પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામા આવેલ છે. તા ૧૬/૦૪/૨૦૧૭

**દરીયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી દરીયાપુર વિસ્તારની સ્કૂલના બાળકોને તેમજ નાગરીકોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.**



**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)